**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

શ્રાવણ વદ - ૦૫ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**

જે સમય વીતે ને તમને આનંદ મળે, એ સમયની બરબાદી ન કહેવાય!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૫૮ ● તારીખઃ ૧૭.૦૮.૨૦૨૬, સોમવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

## વંદે માતરમ મુદ્દે સોનિયા ગાંધી પર વરસ્યા અમિત શાહ

**સમય સંદેશઃ ચિત્તોડગઢ**

રાજસ્થાનના ચિત્તોડગઢ ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે એક જનસભાને સંબોધિત કરતા કોંગ્રેસ અને સોનિયા ગાંધી પર તીખા પ્રહારો કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે વોટબેંકના લાલચમાં કોંગ્રેસે 'વંદે માતરમ'ને ભુલાવી દીધું હતું. જોકે, લાલ કિલ્લાની પ્રાચીર પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ રાષ્ટ્રીય ગાનને ફરી એક નવું આયુષ્ય આપવાનું કામ કર્યું છે.

અમિત શાહે દાવો કર્યો કે કોંગ્રેસ પાર્ટી મુખ્યાલય ખાતે જ્યારે 'વંદે માતરમ' ગવાઈ રહ્યું હતું, ત્યારે તે દરમિયાન સોનિયા ગાંધીએ કોંગ્રેસ અધ્યક્ષને આ ગાન



રોકવા માટે કહ્યું હતું. આ ઘટના પર આક્રોશ વ્યક્ત કરતા તેમણે કહ્યું, સોનિયા ગાંધીનું આ પાપ દેશની જનતા ક્યારેય માફ નહીં કરે. ૮૦ વર્ષ બાદ જ્યારે બંકિમ બાબુનું આ અમર ગાન ફરીથી સન્માન પ્રાપ્ત કરી રહ્યું છે, ત્યારે તે પણ સોનિયા ગાંધીને રાસ નથી આવી રહ્યું. સોનિયાજી, ૧૪૦ કરોડની જનતા તમને જોઈ રહી છે. તેમણે ઉમેર્યું કે કોઈ સ્વપનમાં પણ કેવી રીતે વિચારી શકે કે 'વંદે માતરમ'ને અધૂરું છોડી દેવાય? કોંગ્રેસીઓને શરમ આવવી જોઈએ. જો થોડી પણ શરમ બચી હોય તો બંને હાથ જોડીને બંકિમ બાબુની

અનુ પાના નં.૨ પર

## રાંચીમાં JPSC-JSSC વિરુદ્ધ વિદ્યાર્થીઓના આંદોલન ૨૩મો દિવસ, રાહુલ-તેજસ્વી પણ નિશાને



**સમય સંદેશઃ રાંચી**

રાંચીમાં JPSC અને JSSC પરીક્ષાઓમાં થયેલી કથિત ગેરરીતિઓ સામે વિદ્યાર્થીઓનું આંદોલન વધુ તીવ્ર બનતું જોવા મળી રહ્યું છે. "JPSC-JSSC Reforms Manch'ના બેનર હેઠળ ચાલી રહેલા વિરોધ પ્રદર્શનનો રવિવારે ૨૩ મો દિવસ હતો. રાંચીમાં વિદ્યાર્થીઓએ ફરી એક વાર વિરોધ માર્ચ કાઢીને પુતળા દહન કર્યું. આમાં મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓ હાજર હતા. જેની ખાસ વાત એ છે કે વિદ્યાર્થીઓના વિરોધમાં ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન તો નિશાને હતા જ હવે તેમને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને RJD નેતા તેજસ્વી યાદવને પણ નિશાને લીધા છે. આ લોકોએ રવિવારે સાંજે રાંચીના ફિરાયાલાલ ચોક પર આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓએ રાહુલ ગાંધી, મુખ્યમંત્રી હેમંત સોરેન અને તેજસ્વી યાદવના પુતળા દહન કરીને વિરોધ વ્યક્ત કર્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ ભરતી પરીક્ષાઓમાં કથિત અનિયમિતતાઓ અને સરકારના વલણ સામે જોરદાર નારાબાજી કરી હતી. આ દરમિયાન તેમને પોતાની માંગોને લઈને સરકાર સામે આક્રોશ વ્યક્ત કરતાં આંદોલનને વધુ તીવ્ર બનાવવાની ચેતવણી પણ આપી હતી.

ઝારખંડની ભરતી પરીક્ષાઓમાં ધાંધલીને લઈને વિદ્યાર્થીઓનું આંદોલન લાંબા સમયથી ચાલી રહ્યું છે. પરંતુ સરકાર હજુ સુધી વિદ્યાર્થીઓની માંગો માનવા તૈયાર નથી. વચ્ચે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ત્યાં પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ સાથે વાતચીત પણ કરી હતી અને તેમને ન્યાય અપાવવાનો ભરોસો પણ આપ્યો હતો. પરંતુ આ વાતચીતને ઘણા દિવસો વીતી ગયા પણ મામલો જેમનો તેમ જ રહ્યો.

બીજી તરફ RJD નેતા તેજસ્વી યાદવે બિહારમાં

અનુ પાના નં.૨ પર

## પરિસીમન બિલ પર કેન્દ્ર સરકારની વ્યૂહરચના વિપક્ષી એકતા સામે નિષ્ફળ ગયાનો જયરામ રમેશનો દાવો

### લોકસભામાં જરૂરી બે-તૃતીયાંશ બહુમતી ન મળતાં ૧૩૧મું બંધારણીય સુધારા વિધેયક ૫૪ મતોથી અટવાયું

**સમય સંદેશઃ નવીદિલ્હી**

કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં દાવો કર્યો છે કે પરિસીમન બિલ પર કેન્દ્ર સરકારનો પ્લાન સંપૂર્ણપણે નિષ્ફળ નીવડ્યો છે. તેમણે વિપક્ષી એકતાની કહાની શેર કરતા જણાવ્યું કે બજેટ સત્ર દરમિયાન રજૂ કરાયેલું આ મહત્વપૂર્ણ વિધેયક જરૂરી બહુમતીના અભાવે પાસ થઈ શક્યું નથી. ૧૭ એપ્રિલના રોજ લોકસભામાં યોજાયેલા મસમોટા ફ્લોર મેનેજમેન્ટમાં વિપક્ષી પક્ષોએ સરકારને મોટો ઝટકો આપ્યો હતો.

જયરામ રમેશના જણાવ્યા અનુસાર, કોંગ્રેસ પાર્ટી, સમાજવાદી પાર્ટી, નેશનલ કોંગ્રેસ પાર્ટી અને દ્રવિડ મુન્નેત્ર કઝગમ આ મુદ્દે સંપૂર્ણ એકજૂથ રહ્યા હતા. ભૂતકાળમાં ઉખળાં સાથે થોડું રાજકીય અંતર રહ્યું હોવા છતાં, તેમણે આ વખતે વિપક્ષી એકતાનો સાથ આપ્યો હતો. વિપક્ષી પાર્ટીઓએ સરકારને ટેકો આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દેતાં, કેન્દ્ર સરકાર સંસદના ગૃહમાં જરૂરી

અનુ પાના નં.૨ પર



## રાષ્ટ્રગાનના કથિત અપમાનના વિરોધમાં જામનગર શહેર ભાજપ યુવા મોરચા દ્વારા યોજાઈ 'કેન્ડલ માર્ચ'

### શહેર ભાજપ કાર્યાલયથી લાલ બંગલા સર્કલ સુધી યોજાયેલી માર્ચમાં મોટી સંખ્યામાં યુવા કાર્યકરો જોડાવા સાથે વિરોધ પ્રદર્શિત કરાયો





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

તાજેતરમાં ૮૦મા સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે કોંગ્રેસના રાષ્ટ્રીય કાર્યાલય ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે તથા સોનિયા ગાંધીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રગીત સમાન પવિત્ર રાષ્ટ્રગાન ''વંદે માતરમ''ના સંપૂર્ણ ગાન પ્રત્યે થયેલા કથિત અપમાનજનક વલણ સામે ભારતીય જનતા યુવા મોરચા, જામનગર મહાનગર દ્વારા ભારે વિરોધ નોંધાવવામાં આવ્યો છે. રાષ્ટ્રગાનના સન્માન અને રાષ્ટ્રભાવનાને ઉજાગર કરવાના હેતુથી જામનગર શહેર ભાજપ યુવા મોરચા દ્વારા ગઈકાલે સાંજે એક વિશેષ વિરોધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગઈકાલે સાંજે ૭:૦૦ વાગ્યે જામનગર શહેર ભાજપ કાર્યાલય ખાતેથી આ ''કેન્ડલ માર્ચ'' નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કેન્ડલ માર્ચ શહેર ભાજપ કાર્યાલયથી શરૂ થઈ ટાઉનહોલ, લીમડા લાઈન અને તુલસી હોટલ માર્ગ પરથી પસાર થઈને લાલ બંગલા સર્કલ ખાતે પહોંચીને પૂર્ણ થઈ હતી. આ માર્ચ દરમિયાન યુવા મોરચાના કાર્યકરોએ હાથમાં સળગતી કેન્ડલ (મીણબત્તી) સાથે દેશપ્રેમ અને રાષ્ટ્રગાનના અનાદર સામે વિરોધ દર્શાવતી નારેબાજી કરી હતી.


આ કેન્ડલ માર્ચમાં ભારતીય જનતા યુવા મોરચાના હોદ્દેદારો, યુવા કાર્યકરો અને ભારતીય જનતા પાર્ટીના સ્થાનિક અગ્રણીઓ મોટી સંખ્યામાં

અનુ પાના નં.૨ પર

## રશિયા-યુક્રેન વચ્ચે અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન હુમલોઃ રશિયામાં વાઈલ્ડબેરીઝ ગોડાઉન બળીને ખાખ, કિવમાં બુક માર્કેટ નાશ પામ્યું

### યુક્રેને રશિયા પર ૧,૪૦૦થી વધુ ડ્રોન છોડ્યા, જ્યારે રશિયન હુમલામાં યુક્રેનના નાગરિક વિસ્તારો અને સપ્લાય ચેઈનને ભારે નુકસાન





**સમય સંદેશઃ ડેસ્ક**

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં ગઈકાલે રવિવારે અત્યાર સુધીનો સૌથી મોટો પરસ્પર હવાઈ હુમલો જોવા મળ્યો છે. યુક્રેને રશિયા પર આક્રમક વળતો પ્રહાર કરતાં ૧,૪૭૮થી વધુ ડ્રોન છોડ્યા હતા, જેમાં મોસ્કો નજીક આવેલી રશિયાની સૌથી મોટી ઈ-કોમર્સ કંપની વાઈલ્ડબેરીઝના ૨ લાખ ચોરસ મીટરમાં ફેલાયેલા વિશાળ ડિસ્ટ્રિબ્યુશન સેન્ટરમાં ભયાનક આગ લાગી ગઈ હતી. રશિયન સંરક્ષણ મંત્રાલયે મોટાભાગના ડ્રોન તોડી પાડવાનો દાવો કર્યો છે, પરંતુ આ ભીષણ હુમલામાં રશિયામાં ઓછામાં ઓછા ૬ લોકોના મોત થયા છે અને મોસ્કોની આસપાસ કાળો ધુમાડો છવાઈ ગયો હતો.

સામે પક્ષે રશિયાએ પણ યુક્રેન પર બેલેસ્ટિક મિસાઈલો અને ડ્રોન વડે ભીષણ હુમલો કર્યો હતો, જેમાં યુક્રેનમાં ૭ લોકોના મોત નીપજ્યા છે. રાજધાની કિવ પર થયેલા મિસાઈલ હુમલામાં કિવના ઓબોલોન્સકી જિલ્લામાં આવેલું પ્રખ્યાત પેટ્રોવકા બુક માર્કેટ બળીને ખાખ થઈ ગયું હતું અને પુસ્તકોનો આખો સ્ટોક નાશ પામ્યો હતો. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સકીએ આરોપ લગાવ્યો છે કે રશિયા જાણી જોઈને નાગરિક વિસ્તારો અને માળખાકીય સુવિધાઓને નિશાન બનાવી રહ્યું છે, તેમજ છેલ્લા એક જ અઠવાડિયામાં રશિયાએ યુક્રેન પર ૧,૫૫૦થી વધુ ડ્રોન અને ૬૨ મિસાઈલો દાગી છે.

ઝેલેન્સકીએ અમેરિકા અને યુરોપિયન દેશો પાસે તાત્કાલિક વધુ 'પેટ્રિઓટ એર ડિફેન્સ સિસ્ટમ'ની ઈન્ટરસેપ્ટર મિસાઈલો મોકલવાની ગુહાર લગાવી છે. ઝડપથી આવતી રશિયન બેલિસ્ટિક મિસાઈલોને રોકવા માટે યુક્રેન પાસે હાલ મિસાઈલ ડિફેન્સ સ્ટોક મર્યાદિત થઈ રહ્યો છે, જેથી આ શસ્ત્રો ગોડાઉનમાં રાખવાને બદલે લોકોના જીવ બચાવવા માટે યુક્રેન મોકલવા અપીલ કરાઈ છે. બીજી તરફ, યુક્રેને વર્ષ ૨૦૨૬માં પોતાની લાંબા અંતરની ડ્રોન ક્ષમતા વધારીને ૧,૫૦૦ માઈલ સુધી કરી દીધી છે, જેનાથી તે રશિયાના સીમાવર્તી અને આંતરિક વિસ્તારોમાં સૈન્ય તથા આર્થિક ઠેકાણાઓને સીધો પડકાર

અનુ પાના નં.૨ પર

## રાજકોટમાં નદીમાં ડૂબી જવાથી ચારનાં કરૂણ મોત, ૫ વર્ષના બાળકને બચાવવા જતાં ત્રણ લોકો પણ ડૂબ્યા

**સમય સંદેશઃ રાજકોટ**

રાજકોટના બેડી ગામથી હડમતીયા તરફ આવેલી વીડી વાળા પીરની દરગાહ નજીક નદીમાં ન્હાવા પડેલા ત્રણ બાળકો અને એક યુવાન સહિત ચાર લોકોનાં ડૂબી જવાથી કરૂણ મોત નીપજ્યાં છે. ૫ વર્ષીય સેફુ ડૂબવા લાગતાં તેને બચાવવા માટે અન્ય લોકો પાણીમાં ઉતર્યા હતા, પરંતુ એક પછી એક ચારેય લોકો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

મૃતકોમાં સોહન શોરા ૧૦ (વર્ષ), સેફુ શોરા ૫ (વર્ષ), સાહિલ શોરા ૧૮ (વર્ષ) અને અલીફા શોરા ૧૦ (વર્ષ)નો સમાવેશ છે.

ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને રાહત કામગીરી હાથ ધરી હતી. સ્થાનિકોએ પાણીમાં ડૂબેલા ચારેય લોકોને બહાર કાઢ્યા હતા. બનાવની જાણ થતાં કુવાડવા રોડ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહોને જરૂરી કાર્યવાહી માટે મોકલી આપ્યા હતા અને સમગ્ર ઘટનાને લઈને કાયદેસરની તપાસ હાથ ધરી છે. એક બાળકને બચાવવાની કોશિશમાં ચાર જિંદગીઓના અંતથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી છે.

## પંજાબ-હરિયાણા બોર્ડર પર ખનૌરી ખાતે ખેડૂતોના દિલ્હી કૂચના એલાનને પગલે હરિયાણા પોલીસે સુરક્ષા વ્યવસ્થા કડક

**સમય સંદેશઃ નવીદિલ્હી**

પંજાબ-હરિયાણા બોર્ડર પર આવેલા ખનૌરી ખાતે ખેડૂતોના દિલ્હી કૂચના એલાનને પગલે હરિયાણા પોલીસે સુરક્ષા વ્યવસ્થા કડક કરી છે. ખેડૂતોના સંભવિત માર્ચને ધ્યાનમાં રાખીને દિલ્હી તરફ જતો માર્ગ સીલ કરવામાં આવ્યો છે. રસ્તા પર બેરિકેડિંગ કરીને વાહનોની અવરજવર રોકવામાં આવી છે. પોલીસ અને સુરક્ષા દળોની તૈનાતી વધારી દેવામાં આવી છે. ખનૌરી બોર્ડર પર મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ તહેનાત જોવા મળ્યા હતા. ખેડૂતોના કૂચને લઈને પ્રશાસન દ્વારા સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. માર્ગ સીલ થતાં વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને લોકોને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાની અપીલ કરવામાં આવી છે. ખેડૂત સંગઠનોની આગામી રણનીતિ પર સૌની નજર છે.

## વહીવટી તંત્રમાં ધરખમ ફેરફાર, ખનીજ માફિયાઓને ધ્રુજાવનાર SDMની ટ્રાન્સફર

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગાંધીનગર વહીવટી તંત્રમાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યો છે. રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા ડેપ્યુટી કલેક્ટર કક્ષાના અધિકારીઓ સહિત ત્ર્ઃઅજ કેડરના વર્ગ-૧ના કુલ ૧૪૪ અધિકારીઓની બદલીના આદેશો જારી કરવામાં આવ્યા છે. લાંબા સમયથી બદલીની રાહ જોઈ રહેલા અધિકારીઓની આખરે બદલી કરવામાં આવતા વહીવટી તંત્રમાં મોટા ફેરફારની અસર જોવા મળશે. મહેસૂલ વિભાગના આ નિર્ણયથી રાજ્યના વિવિધ જિલ્લાઓ અને વહીવટી કચેરીઓમાં અધિકારીઓની નવી જવાબદારીઓ નક્કી થશે.


## તંત્રી સ્થાનેથી..

### વિનાશનો માર્ગ !

સૌને પોતાની દુનિયામાં ખોવાઈ જવું ગમે છે, આ એક વિનાશનો માર્ગ છે. એક પરિવારમાં જો ચાર-પાંચ ટાપુ હોય તો નક્કી જ છે કે એ ટાપુઓ પર સમયસમુદ્રના જળ ગમે ત્યારે ફરી વળવાના છે. ૧૫ મી ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે ભારત આઝાદ થયું ત્યારે રાષ્ટ્રધ્વજ પહેલીવાર ધ્વજ દંડ પર જે રીતે ઊંચે આકાશે ચડયો અને એના અનુભવમાં તત્કાલીન સમાજના કરોડો ભારતીયોના હૃદય પણ જે ઉમંગથી આસમાનમાં વિહાર કરવા લાગ્યા તે પરમ મંગલ ક્ષણથી આજનો ભારતીય સમાજ ઘણો દૂર નીકળી ગયો છે. એ જ કારણ છે કે દરેક પરિવારના પ્રશ્નો જેમ જેમ સમય આગળ જાય છે તેમ તેમ વધતા જાય છે. વિદ્વાનોની એક માન્યતા છે કે કુદરત પૃથ્વી પર પહેલા સમાધાન મોકલે છે અને પછી સમસ્યા મોકલે છે. એ જ તો કારણ છે કે આ બ્રહ્માંડમાં માત્ર પૃથ્વી પર જ જીવ સૃષ્ટિ અને તેની સર્વશ્રેષ્ઠ ફલશ્રુતિ રૂપે માનવ સૃષ્ટિ અસ્તિત્વમાં આવી છે. પરંતુ સમસ્યા થી સમાધાન સુધી પહોંચવાનો રાજમાર્ગ બધાને સુલભ હોતો નથી કારણ કે એ યાત્રા કરવા માટેની શિસ્ત, ક્ષમતા, યોગ્યતા અને વિશ્વાસ દરેક દેશની પ્રજામાં હોતા નથી. છતાં ભારતીય સભ્યતા અને સંસ્કૃતિ દુનિયાના અન્ય તમામ દેશો કરતા એક વેંત ઊંચી છે. ભારતના પ્રથમ અવકાશયાત્રી રાકેશ શર્મા અંતરિક્ષમાં ગયા ત્યારે તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરાજીએ એને પૂછ્યું હતું કે અચ્છા રાકેશ યે બતાઓ કિ વહાઁ સે હમારા હિન્દુસ્તાન કૈસા લગતા હૈ? ત્યારે રાકેશે કહ્યું હતું કે સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાઁ હમારા. આ વાત માત્ર આટલા શબ્દો પૂરતી સીમિત નથી. એનો ગહન અર્થ છે અને એ અર્થને સાર્થક કરવાની જવાબદારી માત્ર હિન્દુસ્તાનના નેતાઓની નથી, ભારતીય પ્રજાની પોતાની છે. આપણે મનગમતી ફિલ્મ માટે દાયકાઓ સુધી બ્લેકમાં ટિકિટ ખરીદી છે અને હજુ આજેય દક્ષિણ ભારતમાં ખરીદીએ છીએ. બેવકૂફ અભિનેતા અને અભિનેત્રીઓ આપણા યુવક અને યુવતીઓના આદર્શ છે, રોલ મોડેલ છે. ઠોઠ લોકો પણ સ્ટાઈલિશ દેખાવા મથે છે. તેમને સારા દેખાવામાં રસ છે, સારા હોવામાં રસ નથી. આપણે એક સામાન્ય દાખલો મેળવવા માટે સરકારી કાર્યાલયમાં વધારાના પૈસા પણ આપીએ છીએ. આપણે ગમે તેટલું ભણેલા છીએ તો પણ ટ્રાફિક પોલીસની પકડમાંથી છટકવા માટે ખિસ્સામાંથી એકાદ નોટ સરકવા દઈએ છીએ. આપણે આગળ નીકળી જવા માટે ગમે ત્યારે આપણા વાહનો રોંગ સાઈડમાં કે ફૂટપાથ પર પણ ચડાવી દઈએ છીએ.



# હાલારના હાલહવાલ



## ભાણવડમાં કૂવામાં ખાબકેલા ગાય અને બે સાપનું રેસ્ક્યૂ: એનિમલ લવર્સ ટ્રસ્ટની ટીમે ત્રણ જીવોને બચાવ્યા



**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડમાં એનિમલ લવર્સ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગઈકાલે અબોલ જીવોની સુરક્ષા માટે વધુ એક ઉત્કૃષ્ટ અને સરાહનીય કામગીરી કરવામાં આવી હતી. ટ્રસ્ટની સતર્ક ટીમે કૂવામાં ખાબકેલી એક ગાય તેમજ બે ઝેરી સાપને ભારે જહેમત બાદ સુરક્ષિત રીતે બહાર કાઢીને સફળ રેસ્ક્યૂ ઓપરેશન પાર પાડ્યું હતું. સમયસર હાથ ધરવામાં આવેલા આ ઓપરેશનના કારણે ત્રણ અબોલ જીવોને નવજીવન મળ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગામના એક કૂવામાં ગાય પડી ગઈ હોવાના સમાચાર મળતાં જ એનિમલ લવર્સ ચેરિટેબલ ટ્રસ્ટની રેસ્ક્યૂ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. કૂવાની ઊંડાણપૂર્વકની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ટીમના સભ્યોએ સાધન-સામગ્રી વડે ભારે જહેમત ઉઠાવી ગાયને કોઈ પણ ઈજા વગર સુરક્ષિત રીતે કૂવામાંથી બહાર કાઢી હતી. આશ્ચર્યજનક રીતે તે જ કૂવામાંથી ટીમે બે અત્યંત ઝેરી સાપનું પણ સફળતાપૂર્વક રેસ્ક્યૂ કર્યું હતું. ટ્રસ્ટની ટીમની સમયસૂચકતા અને બહાદુરીને કારણે ગાય અને બંને સાપ સહિત કુલ ત્રણ જીવોનો આબાદ બચાવ શક્ય બન્યો હતો. રેસ્ક્યૂ ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ તમામ જીવોને સુરક્ષિત સ્થળે મુક્ત કરવામાં આવ્યા હતા, જેથી સ્થાનિકોએ ટ્રસ્ટની કામગીરીને બિરદાવી હતી.


## બેટ દ્વારકામાં ૧૭ રિક્ષા, ૨ મોટરસાયકલ ડિટેઈન કરાવામાં આવ્યા:ટ્રાફિક નિયમભંગ બદલ પોલીસની કડક કાર્યવાહી

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા ગઈકાલે બેટ દ્વારકા વિસ્તારમાં ટ્રાફિક નિયમોનું અનાદર કરનારા વાહનચાલકો સામે લાલ આંખ કરીને કડક ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ વિશેષ કાર્યવાહી દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરતી ૧૭ રિક્ષા અને ૨ મોટરસાયકલ મળીને કુલ ૧૯ જેટલા વાહનોને સ્થળ પર જ ડિટેઈન કરવામાં આવ્યા હતા.

જિલ્લા ટ્રાફિક PSI જે.બી. જાડેજાના માર્ગદર્શન હેઠળ આ સઘન ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ બેટ દ્વારકા ખાતે દરરોજ મોટી સંખ્યામાં દેશ-વિદેશથી શ્રદ્ધાળુઓ





અને પ્રવાસીઓની અવરજવર રહેતી હોય છે.

આ વિસ્તારમાં વાહનવ્યવહારની સુચારુ વ્યવસ્થા જળવાઈ રહે, ટ્રાફિક સમસ્યા ન સર્જાય અને વાહનચાલકો ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરે તે હેતુથી આ કાર્યવાહી કરવામાં આવી હતી.

જિલ્લા ટ્રાફિક પોલીસે સ્પષ્ટ સંકેત આપ્યા છે કે સડક સુરક્ષા અને સુચારુ વાહનવ્યવહાર માટે આગામી દિવસોમાં પણ નિયમભંગ કરતા વાહનચાલકો સામે આ પ્રકારની કડક કાર્યવાહી નિરંતર યથાવત રાખવામાં આવશે. ટ્રાફિક પોલીસની આ અચાનક કાર્યવાહીથી નિયમભંગ કરનારા વાહનચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## ઓખા દરિયા વચ્ચે આવેલા સમીયાળી ટાપુ પર ૮૦મા સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણી: ઓખા મરીન પોલીસે લહેરાવ્યો તિરંગો મરીન પોલીસના પીએસઆઈ જાડેજાના હસ્તે ધ્વજવંદન કરાયું; દરિયાઈ સીમા પર દેશભક્તિનો અનેરો માહોલ સર્જાયો



**સમય સંદેશઃ ઓખા**

ઓખા દરિયાઈ સીમા વિસ્તારમાં આવેલા સમીયાળી ટાપુ પર ગઈકાલે ૧૫મી ઓગસ્ટના રોજ ૮૦મા રાષ્ટ્રીય પર્વ સ્વતંત્રતા દિવસની ઉત્સાહ ભેર ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે સમુદ્ર વચ્ચે આવેલા સમીયાળી ટાપુ પર ઓખા મરીન પોલીસ દ્વારા વિશેષ કાર્યક્રમનું આયોજન કરી દેશભક્તિનો માહોલ ઊભો કરાયો હતો. ટાપુ પર આયોજિત ધ્વજવંદન કાર્યક્રમમાં ઓખા મરીન પોલીસ સ્ટેશનના પીએસઆઈ જાડેજાના વરદ્ હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. દરિયાની વચ્ચે આવેલા આ ટાપુ પર મરીન પોલીસના જવાનોની હાજરીમાં આકાશે લહેરાતા તિરંગાને સલામી આપવામાં આવી હતી. અતિ સંવેદનશીલ ગણાતા દરિયાઈ તટીય વિસ્તારમાં મરીન પોલીસ દ્વારા દરિયાઈ સુરક્ષાની સાથે સાથે રાષ્ટ્રીય પર્વની આવી ગૌરવપૂર્ણ ઉજવણી કરી દેશપ્રેમનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું.

## મેઘપર પોલીસે દારૂની ૪ બોટલ સાથે યુવક પકડયો: રૂ.૭૨ હજારનો મુદ્દામાલ કબજે, દારૂ સપ્લાયર ફરાર

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનની ટીમે ગઈકાલે સિક્કા પાટિયા નજીક દરોડો પાડીને વિદેશી દારૂની ચાર બોટલ સાથે એક યુવકની અટકાયત કરી હતી. પોલીસે સફળ કામગીરી કરીને સ્થળ પરથી દારૂનો જથ્થો તેમજ વાહન મળીને કુલ રૂ. ૭૨,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મેઘપર પોલીસે સિક્કા પાટિયા પાસે આવેલા નયારા પેટ્રોલ પંપ નજીકથી રાહુલ અશોકભાઈ રાઠોડ (ઉંમર ૨૬) નામના યુવકને શંકાસ્પદ હાલતમાં પકડ્યો હતો. તેની તલાશી લેતાં રૂ. ૨,૦૦૦ની કિંમતની વિદેશી દારૂની ૪ બોટલો મળી આવી હતી. આથી પોલીસે દારૂ તેમજ હેરાફેરીમાં વપરાયેલ રૂ. ૭૦,૦૦૦ની કિંમતનું સુઝુકી એક્સેસ મોપેડ જપ્ત કર્યું હતું.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે આ દારૂનો જથ્થો નવાગામ ઘેડ વિસ્તારના સિદ્ધરાજ સિંહ નામના શખ્સે સપ્લાય કર્યો હતો. જેથી પોલીસે સિદ્ધરાજસિંહને ફરાર જાહેર કરીને બંને આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## લાલપુરમાં પવન સાથે વરસાદી ઝાપટું:થોડા સમય માટે વરસ્યા બાદ વરસાદે વિરામ લીધો



**સમય સંદેશઃ લાલપુર**

લાલપુર શહેરમાં ગઈકાલે, ૧૬ ઓગસ્ટના રોજ અચાનક હવામાનમાં પલટો આવ્યો હતો. પવનના સપાટા સાથે ધીમીધારે વરસાદી ઝાપટું પડતાં સમગ્ર શહેરના વાતાવરણમાં ક્ષણભર માટે પલટો જોવા મળ્યો હતો. આ વરસાદી ઝાપટું થોડા સમય માટે જ વરસ્યું હતું, પરંતુ તેના કારણે માર્ગો ભીના થયા હતા. વરસાદ પડવાના કારણે વાતાવરણમાં સરસ ઠંડક પ્રસરી ગઈ હતી, જેનાથી સ્થાનિક રહીશોને અસહ્ય ગરમી અને બફારામાંથી આંશિક રાહત મળી હતી. જોકે, આ વરસાદ બહુ લાંબો સમય સુધી ચાલ્યો નહોતો અને થોડી જ વારમાં તેણે વિરામ લઈ લીધો હતો. ઝાપટું બંધ થઈ ગયા બાદ પણ વાતાવરણમાં વાદળોની જમાવટ બરાબર જળવાઈ રહી હતી. હાલ લાલપુર શહેરમાં સુસવાટા મારતા પવન સાથે વાદળછાયું વાતાવરણ બની રહેતાં આગામી સમયમાં વધુ વરસાદ પડે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

## અનુસંધાન

### સમય સંદેશ સ્પેશિયલ

(પાના નં. ૪ થી આગળ)

ધવલ રંગ શાંતિ-સુલેહ-એકતા માટેનો રંગ હતો. એ સફેદ રંગમાં જ પેલા 'વન્દે માતરમ્' બુલંદ અક્ષરો અંકિત થયા હતા. ત્યારે હિન્દુસ્તાન અખંડ હિન્દુસ્તાન હતું, હિન્દુ-મુસ્લિમ એક થઈને ભારતની આઝાદીનાં સ્વપન જોતાં હતાં. ત્યારે પાકિસ્તાન જેવો શબ્દ જ ન હતો. ત્યારે શ્રીલંકા સિલોન હતું અને ભારતનું જળબિંદુ હતું. ત્યારે મ્યાનમાર ઉર્ફે બર્મા કે બ્રહ્મદેશ ભારતની પૂર્વ સીમા મનાતી, ત્યારે બાંગ્લાદેશ જેવી કોઈ કલ્પના ન હતી. હિન્દુસ્તાનનો નક્શો એટલો વિશાળ બનતો કે પૃથ્વીનો તે છઠ્ઠો ખંડ મનાઈ રહેતો. પણ અફસોસ ! તે ગુલામ હતો. પરાજિત હતો, પરવશ હતો, પરાધીન હતો.

એ ત્રિરંગાના નીચેના રંગમાં એક ઝળહળતો સૂર્ય હતો. બીજનો ચંદ્ર હતો અને ઉપરના ભાગમાં પૂર્ણપણે વિકસિત કમળ-ફૂલોની પેનલ હતી. ભિખાઈજીએ એ ધ્વજ ભલે રાતોરાત બનાવ્યો હોય, કેમ કે એની વિશ્વમંચની હાજરીની નિશ્ચિતતા જ ન હતી. પણ એ ધ્વજનું સ્વપન એણે વર્ષોથી જોયું હતું. આઝાદીનો ખ્યાલ કરનાર જે કોઈ મરજીવાઓ હતા તેની સાથે એ ધ્વજ વિષે ચર્ચાવિચારણા કરી હતી.

પેરિસ વિશ્વ-સંમેલનમાં જે દેશો હાજર હતા એ તમામ દેશોના ધ્વજો કોન્ફરસન્સ હોલની બહાર ઉપરની બાજુએ ફરફરતા હતા. આજે પણ વિશ્વસંઘની બહાર તમામ દેશોના ધ્વજ એ દેશની માન્યતાઓ સલામ અર્પતા ફરફરે છે. પણ ત્યારના એ સર્વદેશીય સંમેલનમાં ભારતનો કોઈ ધ્વજ ન હતો, કેમકે ભારતની સ્વતંત્ર દેશ તરીકે તો નહિ જ પણ એક અસ્તિત્વ ધરાવતા દેશરૂપે પણ ગણના ન હતી.

હા, તો મેડમ ભિખાઈજી કામાએ પોતાના પાલવ હેઠળથી એ અણમોલ રત્ન બહાર કાઢીને દુનિયા સાંભળે એવા બુલંદ ગર્જનાસ્વરૂપ સ્વરમાં કહ્યું - આ છે અમારા આઝાદ ભારતનો સ્વતંત્ર ધ્વજ. વિશ્વ મહાનુભાવો! આઝાદ ભારતનો જન્મ થઈ ચૂક્યો છે. ભારતની આઝાદી ઝંખતા શહીદોની શોણિતરંગી પવિત્રતાથી તે પાવન થયો છે. હું આપ સહુને નમ્રપણે વિનંતી કરું છું. કે મારા દેશના આ ધ્વજના સન્માનમાં આપ સહુ ઊભા થાવ અને માનવીય સ્વતંત્રતાને સલામ કરો. નમન વંદન કરો. મારા દેશની આઝાદીને માન્યતા બક્ષો. અમને સ્વમાનભેર જીવવાનો અધિકાર અર્પણ કરો.

મેડમ ભિખાઈજી કામાનું બહુ ટૂંકું પણ મુદ્દાસરનું પ્રવચન હતું. એટલા શબ્દો બોલતાં બીમાર ભિખાઈજીનો સ્વર ભરાઈ આવ્યો હતો. તેની આંખમાંથી સાચા અર્થમાં ઝરઝર આંસુ વહેવા લાગ્યાં હતાં.

### બરડા અભ્યારણ્ય

(પાના નં. ૪ થી આગળ)

ભાગરૂપે સમગ્ર વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગ અને સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે. નોંધનીય છે કે આ પહેલાં પણ આશરે બે વર્ષ અગાઉ જામનગર જિલ્લાના જામજોધપુર, લાલપુર અને કાલાવડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહણ જોવા મળી હતી. હાલ વન વિભાગ દ્વારા આસપાસના સીમ વિસ્તારમાં ઝીણવટભરી તપાસ ચલાવવામાં આવી રહી છે, જેથી સિંહણની હિલચાલ પર નજર રાખી શકાય અને ગ્રામજનોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

### જામનગર જિલ્લા પોલીસ

(પાના નં. ૪ થી આગળ)

ખાતે તથા સાયબર ક્રાઇમના પીઆઈ આઈ.એ. ઘાસુરાને પંચકોષી-એ ડીવી. પો.સ્ટે. ખાતે બદલી આપવામાં આવી છે. ઉપરાંત, પંચકોષી-એ ડીવીઝનના પીઆઈ એમ.એન. શેખને જામજોધપુર પો.સ્ટે., એરપોર્ટ સિક્યોરિટીમાંથી જે.પી. સોઢાને જોડીયા અને જોડીયાના પીઆઈ પી.એન. ખાચરને ધ્રોલ પો.સ્ટે. ખાતે નિયુક્ત કરાયા છે.

આ આદેશ અંતર્ગત એમ.એન. શેખની જામજોધપુર પો.સ્ટે. ખાતે પૂર્ણકાલીન નિમણૂંક થતાં, ત્યાં વધારાનો ચાર્જ સંભાળી રહેલા પો.સ.ઈ. એમ.એલ. ઓડેદરાને વધારાના ચાર્જમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા સંબંધિત તમામ ૧૦ પોલીસ અધિકારીઓને પોતપોતાની નવી નિયુક્તિના સ્થળે તાત્કાલિક ચાર્જ સોંપી તેમજ સંભાળીને તેની લેખિત જાણ કરવા સૂચના આપવામાં આવી છે. સ્વતંત્રતા દિવસના પ્રસંગે જ કરાયેલા આ સામૂહિક ફેરબદલથી જિલ્લા પોલીસના વહીવટી માળખામાં નવો સંચાર જોવા મળશે.

### જામનગરમાં સમસ્ત

(પાના નં. ૩ થી આગળ)

લઈને મહિલા સાહસિકોની કલા-કારીગરીને બિરદાવી હતી અને તેમનો ઉત્સાહ વધાર્યો હતો. આ સફળ આયોજન જામનગર જિલ્લા-શહેર સમસ્ત બ્રહ્મ સમાજ સૌરાષ્ટ્ર-કચ્છનાં મહિલા જિલ્લા પ્રમુખ મનીષાબેન સુબડ અને જિલ્લા મહામંત્રી વૈશાલીબેનના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સમસ્ત બ્રહ્મ સમાજ સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લા પ્રમુખ આશિષભાઇ જોષી, શહેર પ્રમુખ હીરેનભાઇ કનૈયા સહિતની વરિષ્ઠ અને યુવા ટીમે હાજરી આપી આયોજનને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

### અમિત શાહ

(પાના નં. ૧ થી આગળ)

અમર આત્મા અને દેશની જનતા પાસે માફી માંગવી જોઈએ. આ કાર્યક્રમ દરમિયાન અમિત શાહે રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા સાથે મળીને પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની પુણ્યતિથિ પર તેમની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. સભાને સંબોધતા મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ જણાવ્યું હતું કે અટલજી ૩ વાર દેશના વડાપ્રધાન રહ્યા હતા. તેમના કુશળ નેતૃત્વ હેઠળ ૧૯૯૯ માં પોખરણ અણુ પરીક્ષણ થયું અને એ જ વર્ષે ભારતે કારગિલ યુદ્ધ જીત્યું હતું. આ જ કાર્યને આગળ ધપાવતા વડાપ્રધાન મોદીએ ઓપરેશન સિંદૂર અને સર્જિકલ સ્ટ્રાઈક દ્વારા ભારતને વિશ્વ પટલ પર એક સશક્ત રાષ્ટ્ર તરીકે સ્થાપિત કર્યું છે.

બીજી તરફ, આ મામલે કર્ણાટકના મંગલુરુ ખાતે ભાજપ નેતા વિકાસ પુત્તુરે કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી સામે ઉરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે આરોપ લગાવ્યો છે કે સોનિયા ગાંધીએ 'વંદે માતરમ્'ને વચ્ચેથી જ અટકાવવા કહ્યું હતું. ભાજપ કાર્યકર્તાઓ સાથે પોલીસ સ્ટેશન પહોંચેલા પુત્તુરે આ મામલે તાત્કાલિક ૠઈછ નોંધી કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

### રાહુલ-તેજસ્વી પણ

(પાના નં. ૧ થી આગળ)

પેપર લીક અને પરીક્ષા ગેરરીતિઓ પર સવાલ ઉઠાવ્યા પરંતુ ઝારખંડના મુદ્દા પર હજુ સુધી લગભગ મૌન જ જાળવ્યું છે. ઝારખંડની સરકારમાં ઉંખખ સાથે કોંગ્રેસ અને RJD પણ ગઠબંધનમાં સામેલ છે. આમ હાલ ઝારખંડમાં JMM, કોંગ્રેસ અને RJDના ગઠબંધનની સરકાર છે.

### રમેશનો દાવો

(પાના નં. ૧ થી આગળ)

બે-તૃતીયાંશ બહુમતી મેળવવામાં નિષ્ફળ રહી હતી. તમિલનાડુ વિધાનસભા દ્વારા પસાર કરાયેલા પ્રસ્તાવનો ઉલ્લેખ કરતાં તેમણે ઉમેર્યું કે, દેશમાં નવું પરિસીમન ન થવું જોઈએ અને લોકસભાની વર્તમાન ૫૪૩ સીટો જ યથાવત રાખવી જોઈએ. આ સાથે વર્તમાન સીટો પર જ મહિલાઓ માટે ૩૩% અનામત તાત્કાલિક લાગુ કરવાની માંગ કરાઈ છે. ઉલ્લેખનીય છે કે ૧૭ એપ્રિલ ૨૦૨૬ના રોજ ૧૩૧મા બંધારણીય સુધારા વિધેયક પર યોજાયેલા મતદાનમાં ૫૨૮ સાંસદોમાંથી પક્ષમાં ૨૯૮ અને વિપક્ષમાં ૨૩૦ વોટ પડ્યા હતા, જેથી જરૂરી ૩૫૨ વોટના આંકડા સામે બિલ ૫૪ વોટથી ગબડી પડ્યું હતું.

સંસદમાં ઝટકો લાગ્યા બાદ કેન્દ્ર સરકાર હવે પોતાની નિષ્ફળતા છુપાવવા માટે નેરેટિવ મેનેજમેન્ટમાં લાગી ગઈ હોવાનો આરોપ જયરામ રમેશે લગાવ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે સરકાર વિપક્ષ પર દોષનો ટોપલો ઢોળવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે વિપક્ષી એકતા સામે સરકારની તમામ વ્યૂહરચનાઓ સાવ નાકામ સાબિત થઈ છે.

### 'કેન્ડલ માર્ચ'

(પાના નં. ૧ થી આગળ)

ઉપસ્થિત રહ્યા હતા. લાલ બંગલા સર્કલ ખાતે માર્ચના સમાપન સમયે ઉપસ્થિત યુવા નેતાઓએ રાષ્ટ્રગાનની ગરિમા જાળવવાની ભારપૂર્વક અપીલ કરી હતી અને જણાવ્યુ હતું કે રાષ્ટ્રીય પ્રતિકોનું અપમાન દેશનો કોઈ પણ નાગરિક સહન નહીં કરે. આ કાર્યક્રમમાં સ્થાનિક પ્રેસ તથા મીડિયાના પ્રતિનિધિઓ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### રશિયા-યુક્રેન

(પાના નં. ૧ થી આગળ)

આપી રહ્યું છે. યુક્રેન દ્વારા રશિયાની જાણીતી ઓનલાઈન રિટેલર કંપની વાઇલ્ડબેરીઝના ગોડાઉનોને સતત નિશાન બનાવવામાં આવી રહ્યા છે, જેનાથી અત્યાર સુધીમાં લગભગ ૨૦ જેટલી ઈમારતોને નુકસાન પહોંચ્યું છે. નિષ્ણાતોના મતે, રશિયાના અર્થતંત્ર અને સપ્લાય ચેઇન પર સીધું દબાણ ઊભું કરવાના હેતુથી યુક્રેન આવા કોમર્શિયલ સપ્લાય સેન્ટરોને લક્ષ્ય બનાવી રહ્યું છે. આ સામસામેના ભીષણ હુમલાઓને કારણે બંને દેશોની એર ડિફેન્સ સિસ્ટમ પર અભૂતપૂર્વ દબાણ સર્જાયું છે.

## જામનગર નજીક વસઈ પાટીયા પાસે છોટા હાથીમાં આગથી અફડાતફડી



જામનગર નજીક આવેલા વસઈ પાટીયા પાસે ગઈકાલે એક 'છોટા હાથી' (માલવાહક વાહન) માં અચાનક ભીષણ આગ લાગતાં માર્ગ પર અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. વાહનમાં આગ લાગતાની સાથે જ જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમે તુરંત સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર સફળતાપૂર્વક કાબૂ મેળવ્યો હતો, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી.

# જામનગર પંથકમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીઃ શાળા-સંસ્થાઓમાં ધ્વજવંદન અને સાંસ્કૃતિક કાર્યક્રમો

## ગામડાંથી લઈને રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓમાં તિરંગો લહેરાવાયોઃ ધારાસભ્ય, સરપંચ અને બાળાના હસ્તે ધ્વજવંદન યોજાયું


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને લાલપુર તાલુકામાં ૮૦મા સ્વતંત્રતા દિવસની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. વિવિધ શાળાઓ, સામાજિક સંસ્થાઓ અને સરકારી સંસ્થાઓ ખાતે રાષ્ટ્રધ્વજને સલામી આપી દેશભક્તિ ગીતો, વક્તવ્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે રાષ્ટ્રભાવના વ્યક્ત કરાઈ હતી.

મોટા વડિયા પ્રાથમિક શાળા ખાતે લાલપુર-જામજોધપુરના ધારાસભ્ય હેમંતભાઈ ખવાના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. ધારાસભ્યએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી ઉજ્જ્વળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી અને દેશના ભાવિ ઘડવૈયાઓમાં રાષ્ટ્રપ્રેમ, સંસ્કાર તથા શિક્ષણની ભાવના મજબૂત બનાવવા માટે અભિનંદન આપ્યા હતા.

ખીરસરા પ્રાથમિક શાળાઃ લાલપુર તાલુકાની ખીરસરા શાળામાં ગામના સરપંચના હસ્તે ધ્વજવંદન કરી રાષ્ટ્રગાન કરાયું હતું. વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતો, વક્તવ્ય અને સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. આ તકે મહાનુભાવોએ સ્વતંત્રતાના મૂલ્યો અને રાષ્ટ્રપ્રેમનો સંદેશ આપ્યો હતો.

પીપરટોડા પ્રાથમિક શાળાઃ શાળા પરિસરમાં ધ્વજવંદન બાદ વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ તિરંગાને સલામી આપી હતી. સમગ્ર પરિસર ''ભારત માતા કી જય'' અને દેશભક્તિના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું.

જામનગર નજીક સુવરડા ગામની શાળાના પટાંગણમાં સંયુક્ત ઉજવણી યોજાઈ હતી, જ્યાં ગામની નાની બાળાના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન આગેવાન કનુભાઈ મિયાત્રા તરફથી તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય વિપુલભાઈ વાઘેલા અને અન્ય ગ્રામીણ આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

દેશની પ્રથમ રાષ્ટ્રીય મહત્વનો દરજ્જો ધરાવતી આયુર્વેદ શિક્ષણ અને સંશોધન સંસ્થા (ઈટ્રા) ખાતે સંસ્થાના ડાયરેક્ટર પ્રો. ડો. તનુજા નેસરીના અધ્યક્ષ સ્થાને તિરંગો લહેરાવાયો હતો. ITRA મ્યુઝિક ક્લબના વિદ્યાર્થીઓ તેમજ સંસ્થાના એક સિક્યોરિટી જવાને દેશભક્તિ ગીતો રજૂ કર્યા હતા. આ પ્રસંગે વૈદ્યો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શિશુ મંદિર પ્રાંતઃ લાલપુરના શિશુ મંદિર ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સંચાલિત યોગ ક્લાસની બહેનોએ તિરંગાને સલામી આપી રાષ્ટ્રભાવના ઉજાગર કરતી વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

યોગ અને દેશભક્તિનો સંગમઃ લાલપુર શહેરમાં યોગ ગ્રુપની બહેનોએ યોગ અને દેશભક્તિનો વિશેષ કાર્યક્રમ રજૂ કરી સ્વસ્થ શરીર, શાંત મન અને મજબૂત ભારતના નિર્માણનો સંકલ્પ દોહરાવ્યો હતો.

જામનગરમાં યંગ સોશ્યલ ગ્રુપ દ્વારા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે યુવાનોમાં રાષ્ટ્રપ્રેમ અને સામાજિક જવાબદારી મજબૂત કરવા વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. ગ્રુપના સભ્યોએ રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને ભવિષ્યમાં પણ સમાજસેવાની પ્રવૃત્તિઓ ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# જામનગર શ્રાવણી લોકમેળાના બાકી પ્લોટ માટે બુધવારે ફરી જાહેર હરાજીઃ સિંગલ ટેન્ડરવાળા પ્લોટનો સમાવેશ; ૧થી ૧૧ સપ્ટેમ્બરે યોજાનારા મેળા માટે અગાઉ ભાવ મંગાવવામાં આવ્યા હતા


તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે તા. ૧ સપ્ટેમ્બરથી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારા શ્રાવણી લોકમેળા-૨૦૨૬ના બાકી રહેલા પ્લોટ માટે આગામી બુધવારે જાહેર હરાજીનું આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ બંધ કવર અને ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયામાં જે પ્લોટ માટે સિંગલ ભાવ મળ્યા હોય અથવા કોઈ ભાવ ન મળ્યા હોય, તેવા તમામ પ્લોટ માટે આ હરાજી બોલાવવામાં આવશે.

ઉપરાંત, અગાઉ જે પ્લોટ માટે એકથી વધુ ટેન્ડર આવ્યા હોય પરંતુ ટેકનિકલી ડિસ્કવોલિફાય થવાને કારણે સિંગલ ટેન્ડર રહ્યા હોય, તેનો પણ આ હરાજીમાં સમાવેશ કરાશે. મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયાના માર્ગદર્શન હેઠળ ડેપ્યુટી કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા, આસિસ્ટન્ટ કમિશનર ભાવેશ જાની અને મુકેશ વરણવા તથા એસ્ટેટ શાખાની ટીમ દ્વારા રાઇડ સંચાલકો અને ધંધાર્થીઓ વહેલી તકે પોતાનું આયોજન કરી શકે તે માટે આ ઝડપી કાર્યવાહી હાથ ધરાઈ છે.

આ જાહેર હરાજીમાં મશીન મનોરંજન, ચિલ્ડ્રન રાઇડ્સ, ખાણી-પીણીના સ્ટોલ તેમજ પોપકોર્ન સહિતના વિવિધ પ્રકારના પ્લોટ ઉપલબ્ધ રહેશે. હરાજીમાં ભાગ લેવા ઇચ્છુક રાઇડ સંચાલકો અને મેળાના અન્ય ધંધાર્થીઓએ જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાનો સંપર્ક કરવાનો રહેશે, જેથી તમામ પ્રક્રિયા સમયસર પૂર્ણ થઈ શકે.

દરેક પ્લોટની અપસેટ પ્રાઇઝ, હરાજીની સામાન્ય શરતો અને અન્ય જરૂરી વિગતો માટે મહાનગરપાલિકાની એસ્ટેટ શાખામાં ઓફિસ સમય દરમિયાન રૂબરૂ માહિતી મેળવી શકાશે. હરાજી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્લોટની ફાળવણી ત્વરિત કરવામાં આવશે, જેથી તમામ વેપારીઓને મેળો શરૂ થાય તે પહેલાં પોતાની તૈયારીઓ પૂર્ણ કરવાનો પૂરતો સમય મળી રહે.

# જામનગર જિલ્લા ભારતીય મઝદૂર સંઘનું ત્રિવાર્ષિક અધિવેશન યોજાયુંઃ નવી કારોબારીની વરણી, એસટી મઝદૂર સંઘ દ્વારા હોદ્દેદારોનું સન્માન

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા ભારતીય મઝદૂર સંઘનું ત્રિવાર્ષિક અધિવેશન ગઈકાલે, ૧૬ ઓગસ્ટના રોજ હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે ઉત્સાહભેર યોજાયું હતું. આ અધિવેશનમાં પ્રદેશ ઉપાધ્યક્ષ અને જામનગર જિલ્લાના પ્રભારી ચેતનભાઈ મહેતા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન આગામી ત્રણ વર્ષના કાર્યકાળ માટે જામનગર જિલ્લાની નવી કારોબારીની સર્વસંમતિથી પસંદગી કરવામાં આવી હતી.


તસવીરઃ હિરેન ગાંધી

નવી વરાયેલી કારોબારીમાં જિલ્લા પ્રમુખ તરીકે રાજુભાઈ કંટારિયા, જિલ્લા મંત્રી તરીકે મનીષભાઈ ગોહિલ, ઉપપ્રમુખ તરીકે ઘનશ્યામસિંહ ઝાલા, જિલ્લા સહમંત્રી તરીકે જયપાલસિંહ સોઢા (એસટી જામનગર) અને કારોબારી સભ્ય તરીકે પરેશભાઈ વાઘેલા (એસટી ધ્રોલ)ની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. આ તકે ગુજરાત એસટી મઝદૂર મહાસંઘના પ્રદેશ મંત્રી રાજદિપસિંહ ગોહીલ, જામનગર વિભાગ એસટી મઝદૂર સંઘના પ્રમુખ જયેન્દ્રસિંહ વાળા, મહામંત્રી ભીમશીભાઈ ચાવડા, ઉપપ્રમુખ સંજયભાઈ ડોડીયા, અજયરાજસિંહ ગોહિલ, ખજાનચી નરેશભાઈ ઠાકર સહિત સંગઠનના અનેક હોદ્દેદારો અને કાર્યકરો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. અધિવેશનના અંતે જામનગર વિભાગ એસટી મઝદૂર સંઘ દ્વારા જિલ્લા કારોબારીમાં નવ નિયુક્ત પામેલા એસટી વિભાગના બંને હોદ્દેદારો જયપાલસિંહ સોઢા અને પરેશભાઈ વાઘેલાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત તમામ અગ્રણીઓ અને કાર્યકર્તાઓએ નવી બનેલી કારોબારીના તમામ સભ્યોને પુષ્પગુચ્છ આપી આગામી કાર્યકાળ માટે હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

# શ્રી ગુજરાત ભાવસાર સમાજના કન્યા-કુમાર છાત્રાલય અને આરોગ્ય ધામ ભવન માટે ૫૧,૦૦૦નું દાન અર્પણ કરાયું

## મહેસાણાના પ્રતિમાબેન અતુલકુમાર ભાવસાર તરફથી આદરણીય આનંદીબેન સેવંતીલાલ ભાવસાર હસ્તે આર્થિક સહયોગ પ્રાપ્ત થયો






**સમય સંદેશઃ જામનગર**

શ્રી ગુજરાત ભાવસાર સમાજ દ્વારા હાથ ધરવામાં આવેલા કન્યા-કુમાર છાત્રાલય અને આરોગ્ય ધામ ભવનના નિર્માણ કાર્ય માટે સમાજ શ્રેષ્ઠીઓ અને દાતાઓ તરફથી સહયોગ મળી રહ્યો છે. આ સદ્કાર્યના ભાગરૂપે મહેસાણાના રહીશ પ્રતિમાબેન અતુલકુમાર ભાવસાર તરફથી ₹૫૧,૦૦૦ (અક્ષરે પંચાવન હજાર પૂરા) નો આર્થિક સહયોગ અર્પણ કરવામાં આવ્યો છે.

આ દાનની રકમનો ચેક આદરણીય આનંદીબેન સેવંતીલાલ ભાવસારના શુભ હસ્તે સમાજના અગ્રણીઓને સોંપવામાં આવ્યો હતો. સમાજ ભવન અને છાત્રાલયના નિર્માણ માટે આપવામાં આવેલા આ ઉપયોગી યોગદાન બદલ ભાવસાર સમાજની કારોબારી અને સભ્યો દ્વારા દાતા પરિવારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# જામનગરમાં સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા આયોજનઃ મહિલા સશક્તિકરણ અને ગૃહ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના હેતુથી એક્ઝિબિશન


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના રણજીત નગર સ્થિત પટેલ સમાજ ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ સૌરાષ્ટ્ર-કચ્છ મહિલા પાંખ દ્વારા આયોજિત ત્રીજા 'એક્ઝિબિશન કમ સેલ'નો શનિવારે શુભારંભ કરવામાં આવ્યો હતો. મહિલા સશક્તિકરણ અને ગૃહ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના હેતુથી યોજાયેલા આ બે દિવસીય પ્રદર્શન-સહ-વેચાણ કાર્યક્રમનો પ્રારંભ મેયર સહિતના મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. શનિવાર અને રવિવાર (તા. ૧૫-૧૬) દરમિયાન સવારે ૯થી રાત્રે ૯ વાગ્યા સુધી આયોજિત આ એક્ઝિબિશનમાં ૧૫૦ જેટલા મહિલા સંચાલિત સ્ટોલ્સ રાખવામાં આવ્યા છે, જ્યાં વિવિધ ગૃહ ઉપયોગી તેમજ હસ્તકળાની ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ થઈ રહ્યું છે.

આ પ્રસંગે ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, મેયર મોનિકાબેન વ્યાસ, ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ધીરેનભાઈ મોનાણી, ભાજપ મહિલા પ્રમુખ બીનાબેન કોઠારી અને કલેક્ટર પી.બી. પંડયા સહિતના રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવો તેમજ શહેરના બહોળા પ્રમાણમાં નગરજનોએ પ્રદર્શનની મુલાકાત

અનુ પાના નં.૨ પર

# મેડમ ભિકાઈજી કામા અને ૧૯૦૭નો ઐતિહાસિક ત્રિરંગો: પરદેશની ધરતી પરથી ભારતની આઝાદીનો બુલંદ પોકાર

## વિશ્વ કોંગ્રેસમાં બ્રિટિશ પ્રતિબંધો વચ્ચે ભારતનું ગૌરવપૂર્ણ પ્રતિનિધિત્વ: રામસે મેકડોનાલ્ડનો વિરોધ અને વિદેશી ક્રાંતિકારી નેતાઓનો સાથ

'અમારા લોકો અહીંની કોંગ્રેસમાં પોતાના પ્રતિનિધિ મોકલી શકે તેમ નથી. કેમકે અમારો દેશ અત્યંત ગરીબ છે. પણ મને ખાતરી છે કે એક દિવસ મારો દેશ જરૂર જાગી ઊઠશે અને પોતાના દેશ માટે જી-જાનથી લડી રહેલા રશિયન કોમરેડ્સને અનુસરી, દેશની આઝાદી માટે મોતનો જંગ ખેલી બતાવશે. રશિયા દેશની આઝાદી માટે લડી રહેલા અને આઝાદીને જ એકમાત્ર પ્રાણપ્રશ્ન બનાવી જીવનાર રશિયાના લોકો માટે અમારા ખાસ ધન્યવાદ છે, અમે તેમને નતમસ્તક વંદન પાઠવીએ છીએ.'

આ શબ્દો છે ભારતીય વીરાંગના મેડમ ભિખાઈજી કામાના. ૧૯૦૭માં પેરિસ ખાતેની વિશ્વ-કોંગ્રેસમાં ભિખાઈજીએ વટ અને મગરૂબી સાથે પણ વાસ્તવિક પરિસ્થિતિને અનુરૂપ લાચારીવશ ઉપરના શબ્દો ઉચ્ચાર્યા હતા. પેરિસમાં લાંબા સમયથી દેશનિકાલ ભોગવી રહેલ ભિખાઈજી આ આંતરરાષ્ટ્રીય સર્વદેશીય કોંગ્રેસમાં બીજા ભારતીય સાથી સરદાર એસ. આર. રાણા સાથે હાજર રહ્યાં હતાં. ભારતનું બે જ વ્યક્તિનું આ પ્રતિનિધિત્વ અનોખી રીતે મગરૂર હતું. કેમકે ભારત પર ત્યારે બ્રિટિશ હકૂમત હતી અને ગોરા હાકેમોએ ભારત પર પ્રતિબંધ ફરમાવ્યો હતો કે તેનું કોઈ માનવી આ વિશ્વસંઘમાં હાજર રહી શકે નહિ. ગોરી સરકારનું કહેવું હતું કે ભારતનું પોતાનું કોઈ અસ્તિત્વ જ નથી. ભારત બ્રિટિશ અમલમાં આવી જાય છે અને બ્રિટન જ આવી વિશ્વ કોંગ્રેસમાં હાજરી આપવી કે નહિ આપવી, તેનો નિર્ણય લઈ શકે છે.

ગોરાઓના ફરમાન મુજબ તો આવા વિશ્વમંચ ઉપર



કોઈ ભારતીય પોતાની રીતે હાજર રહે, તે ગુનો બને છે અને તેની પર દેશદ્રોહનો ખટલો ચલાવી શકાય છે. ભારત એ જ બ્રિટન છે અને ભારત બ્રિટનને સંપૂર્ણપણે પરાધીન છે, એવું માનતું બ્રિટન અહીં પોતાની રીતે પોતાનો મત રજૂ કરી શકે છે. એવા સંજોગોમાં સરદાર રાણા અને ભિખાઈજી કામાએ અહીં હાજર રહી તરખાટ મચાવી દીધો તથા વિશ્વના તમામ દેશોનું ધ્યાન પોતાના તરફ આકષત કરી લીધું.

બ્રિટિશ નેતા રામસે મેકડોનાલ્ડને ખબર પડી ગઈ હતી અને તેણે ભિખાઈજીને કોંગ્રેસમાં જતી રોકવા કંઈક જાગતા પ્રયાસો કર્યા હતા. તેણે કેટલાક દેશોને વિનંતી-પત્રો, કેટલાક દેશોને મૈત્રીપત્રો તથા કેટલાક દેશોને ધમકીપત્રો લખી ચેતવણી આપી હતી કે - ભારત જેવો કોઈ દેશ નથી. ભારત બ્રિટિશ સામ્રાજ્યમાં સમાઈ ગયેલું એક બિંદુ છે. તેનો કોઈ પ્રતિનિધિ હોઈ શકે નહિ. જો તેવા કોઈ પ્રતિનિધિને હાજર રાખવામાં આવશે તો તમામ દેશો બ્રિટિશ સામ્રાજ્યના ગુનેગાર મનાશે.

સામ્રાજ્યવાદના પુરસ્કર્તા રૂપે રામસે મેકડોનાલ્ડની ત્યારે ભારે વગ હતી. ત્યારબાદ થોડા જ વખતમાં આ જ શ્રીમાન મેકડોનાલ્ડ બ્રિટનના વડાપ્રધાન બન્યા હતા. પણ આવા વગદાર હાકેમની ધમકીથી સો ટકા જોખમ સાથે અવગણના કરીને ભિખાઈજી તથા રાણા પેરિસ કોંગ્રેસમાં હાજર રહ્યાં હતાં. આવી રીતે હાજર રહેવામાં ભારતને રશિયન નેતાઓ તથા બીજા યુરોપના પ્રતિનિધિઓનો ભારે સાથ મળ્યો હતો. ફ્રાન્સમાં ત્યારે ગરીબોના બેલી મનાતા જીન જોર્સની લોકપ્રિયતા હતી. અને એ મહાનુભાવ જીન જોર્સે પણ ભિખાઈજી તથા રાણાને આ વિશ્વ-કોંગ્રેસમાં હાજર રહેવા જોરદાર મદદ કરી હતી. તેમણે કહ્યું હતું - તમારે જો આઝાદ થવું હોય તો તમારે ક્યાંકથી તો શરૂઆત કરવી જ રહી. અને સંખ્યાને કદી મહત્વ ના આપો. તમે માત્ર બે છો તે પૂરતા છો.

ગુલામોના હમદર્દ જીન જોર્સે જ્યારે આ શબ્દો ઉચ્ચાર્યા ત્યારે ટાગોરનું 'એકલો જાને રે' ગીત કદાચ પ્રસિદ્ધ ન હતું. 'તમે ભલે એકલા હો, ચાલવાની શરૂઆત તમે જ કરો' કહેનાર જીન જોર્સે ભારતની આઝાદીના બે રણબંકા સ્વપનસેવીઓ મેડમ ભિખાઈજી તથા સરદાર રાણાને અનુપમ ટેકો આપી દીધો હતો.

ભારતને દુનિયાના તખ્તા પર ખડા કરી દેનાર જે ટેકેદારો હતા તેમાં એક નામ હાઈન્ડમેનનું હતું. શ્રીમાન હાઈન્ડમેન તો બ્રિટનના જ હતા. બ્રિટિશર જ હતા, પણ તેમને બ્રિટનનો સામ્રાજ્યવાદનો સિદ્ધાંત ગમતો ન હતો. સમાજવાદને વરેલા શ્રી હાઈન્ડમેન વ્યક્તિગત માનવીય સ્વતંત્રતાના હિમાયતી હતા. અમુક પ્રકારના સૂચિત માહિતી અને સંદેશાઓ મોકલી આપી તેમણે પણ મેડમ તથા રાણાને દુનિયાના દ્વારે ખડા કરી દીધાં હતાં, કે જેથી દુનિયા તેમને જુએ અને ભારતની વાત ભારતના મુખે સાંભળે. ભારતને મળેલી આ એક ઘણી મહત્વની સુવર્ણતક હતી.

**સમય સંદેશ સ્પેશિયલ**

૧૮૫૭નો બળવો નિષ્ફળ ગયા બાદ ભારતને મળેલો આ અણમોલ મોકો હતો. એ પચાસ વર્ષમાં બ્રિટન વધુ ને વધુ સમૃદ્ધ થતું ગયું હતું. ભારત વધુને વધુ ગરીન, લાચાર, વિવશ અને બિચારું બન્યું હતું. ગોરો પંજો ભારતીય પ્રજાજનોના લોહી માંસ શોષી લઈને ભારતને સાક્ષાત નર્કાગાર બનાવતો હતો. ભારતીય પ્રજાજનો પણ 'ગોરું શાસન અહનશ' છે માનીને તેની ચમચાગીરીમાં જ રાચવા લાગ્યા હતા. ગોરા ખિતાબો, ગોરા માન-ચાંદ ભારતના લોકોને માટે ગૌરવ મનાવા લાગ્યા હતા. ભારતીય શ્રીમાનો પણ સર, લોર્ડ અને મિસ્ટર બનીને ગુમાન અનુભવતા તથા ગોરા બની ગર્વ અનુભવતા.

'ઈસ્ટ ઇઝ ઈસ્ટ વેસ્ટ ઇઝ વેસ્ટ ધી ટ્વેઈન શેલ નેવર મીટ'

પૂર્વ પૂર્વ છે, પશ્ચિમ પશ્ચિમ. બે છેડા કદી મળશે નહિ. તાત્પર્ય કે પૂર્વ ગુલામીને વરેલું છે. આશ્રિત રહેવા સર્જાયેલું છે અને પશ્ચિમ દુનિયાભર પર શાસન કરવા જ નિર્માણ પામ્યું છે. પૂર્વ પશ્ચિમને નમન, વંદન તથા સલામો કરીને જ જીવી શકે. એ સિવાય તેના જીવતા રહેવાનો કોઈ આરો નથી. એવા પ્રચારગીતો એક બાજુથી બ્રિટિશ કવિ-લેખકો લખતા તો બીજી બાજુ ગોરા ગૌરવગીતો ભારતીય લેખકો-કવિઓ પણ લખવા લાગ્યા હતા. ગોરા હાકેમો તેમને નામ-ઠામ-દામ આપી એવા એવાં ગીતો લખાવી તેને રાષ્ટ્રીય ગીતોનું બિરુદ અર્પતા. એવા ગીતો લખનાર બ્રિટિશ હકૂમતના રાષ્ટ્ર-કવિઓ ગણાતા મનાતા.

બ્રિટિશરોના રાજ્યમાં ભારતીય લોકો કેટલા અનહદ સુખી છે, તેની ગીતગાથા ગુજરાતીમાં પણ શરૂ થઈ ચૂકી હતી. ગોરા ઉપકારનું આ ગીત ત્યારે બેહદ પ્રચાર પામ્યું હતું.

'દેખ બિચારી બકરીનો પણ કોઈ ન જાતાં પકડે કાન
એ ઉપકાર ગણી અંગ્રેજનો ! હરખે હવે તું હિન્દુસ્તાન'

જ્યારે ગોરી સલ્તનતે શામ દામ દંડ ભેદથી ભારતના માનસને સાવ ગુલામી-માનસ બનાવી દીધું હતું, ત્યારે પૃથ્વીના ગોળાની ઉપર ઊભા રહીને સહુને ભારત દર્શન કરાવવાનું માન ભિખાઈજી કામાને ફાળે જાય છે.


એ તારીખ હતી ૧૮ ઓગસ્ટ ૧૯૦૭. ૧૮૫૭ની નિષ્ફળ ક્રાંતિની બરાબર અડધી સદી પસાર થઈ ચૂકી હતી. ત્યારે એ ભડવીર ભારતીય મહિલા ભિખાઈજીએ દુનિયાના લોકો સાંભળે એવા બુલંદ અવાજે કહ્યું હતું - માનવીય આઝાદીને ચાહતા, પસંદ કરતા ઓ દુનિયાના લોકો ! સ્વતંત્રતાને સર્વોચ્ચ સદગુણ લેખતા ઓ સન્માનનીય સમજુ સાથી બિરાદરો ! મારા દેશ વતી, દેશવાસીઓ વતી, હું અત્યંત દર્દભર્યા સ્વરમાં વિનંતી કરું છું કે આપ તમામે તમામ દેશો ભેગા થઈ મારા દેશ ભારતને બ્રિટિશ હકૂમતની ચુંગાલમાંથી છોડાવવા માટે મદદ કરો. આ બ્રિટિશ સકંજો-સાણસો-ફાંસલો એવો જડબેસલાક છે કે અમે તેમાં શ્વાસ પણ લઈ શકતાં નથી. અલબત્ત અમે અમારી રીતે તો એ પ્રચંડ પોલાદી સાંકળને તોડી ફોડીને ફગાવી દેવા પ્રયત્ન કરીશું જ, પણ એ માટે માનવીય સ્વતંત્રતાના ચાહક આપ સહુના મદદ અને ટેકાની પણ અમને જરૂર રહેશે જ.

અનુષ્પુભ એવા અનુપમ શબ્દો સાથે જ મેડમ ભિખાઈજી કામાએ પોતાની સાડી હેઠળ છુપાવી લાવેલ એક બંડલ ઉઘાડયું. એ ભારતીય ત્રિરંગી ધ્વજ હતો. ભારતનો આ અગાઉ કોઈ ધ્વજ ન હતો. પોતપોતાની રીતના ધ્વજનો ભારતીય ક્રાંતિકારીઓ ઉપયોગ કરતા. એ સહુ પ્રથમ ત્રિરંગો મેડમ ભિખાઈજીએ આખી રાત જાગીને બનાવ્યો હતો. પોતાના સાડી બ્લાઉઝમાંથી તેનું સર્જન કર્યું હતું. એનો એકેએક ટાંકો તેણે જાતે લીધો હતો. એના એકએક ટેભામાં તેણે આઝાદીનો શ્વાસ સીવી લીધો હતો. વિશ્વમંચ સમક્ષ રજૂ થયેલા એ ભારતના ધ્વજમાં બરાબર વચ્ચે હિન્દીમાં લખાયેલા શબ્દો હતા - 'વન્દે માતરમ્.'


ત્રણ રંગમાં ઉપરનો કેસરી રંગ હિન્દુઓના પ્રતીક રૂપે હતો, નીચેનો લીલો મુસ્લિમોનો પ્રતીક હતો, વચ્ચેનો

અનુ પાના નં.૨ પર

# જામનગર ફ્લાયઓવર નીચે પાર્કિંગ સાથે સ્પોર્ટ્સ સુવિધા મળશે: સાત રસ્તાથી સુભાષ બ્રિજ સુધીના ૧૨ ગાળામાં કામગીરી શરૂ







તસવીર: હિરેન ગાંધી

**સમય સંદેશ: જામનગર**

જામનગર શહેરમાં સાત રસ્તાથી સુભાષ બ્રિજ સુધીના એલિવેટેડ ફ્લાયઓવર નીચેના વિશાળ વિસ્તારનો મહત્તમ અને નાગરિકલક્ષી ઉપયોગ કરવા માટે મહાનગરપાલિકા દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ફ્લાયઓવર નીચે માત્ર વાહન પાર્કિંગ પૂરતું મર્યાદિત ન રહેતાં ત્યાં બોક્સ ક્રિકેટ, પિકલબોલ, બેડમિન્ટન અને ઓપન જિમ સહિતની વિવિધ સ્પોર્ટ્સ એક્ટિવિટી બ્લોક વિકસાવવામાં આવશે. હાલ આ કામગીરી માટેની ટેન્ડર પ્રક્રિયા ચાલી રહી છે અને ટૂંક સમયમાં જ આ સુવિધાઓનો પ્રારંભ થશે.

મહાનગરપાલિકાના આયોજન મુજબ ફ્લાયઓવરના નીચેના ૧૨ ગાળાને ચાર અલગ-અલગ ભાગમાં વહેંચીને રમતગમતની સુવિધાઓ ઊભી કરાશે. જેમાં વાલ્કેશ્વરી એરિયા નજીકના ત્રણ ગાળા (પી-૦૫થી પી-૦૮), ગુરુદ્વારા સર્કલ નજીકના બે ગાળા (પી-૨૧થી પી-૨૩), અંબર સર્કલ નજીકના પાંચ ગાળા (પી-૪૧થી પી-૪૬) અને ફોરેસ્ટ ઓફિસ નજીકના બે ગાળા (પી-૭૪થી પી-૭૬)નો સમાવેશ થાય છે. આ સુવિધાઓ કાર્યરત થતાં જ શહેરના યુવાનો, બાળકો અને રમતપ્રેમીઓને મધ્ય વિસ્તારમાં જ ઉત્તમ રમતગમતનું સ્થળ મળી રહેશે.

સ્પોર્ટ્સ ફેસિલિટી ઉપરાંત ફ્લાયઓવરની નીચે નાગરિકો માટે સુવ્યવસ્થિત પાર્કિંગ, અલગ-અલગ ચાર સ્થળોએ ટોયલેટ બ્લોક, બે સ્થળોએ ફૂડ કોર્ટ, વેઈટિંગ અને સિટિંગ એરિયા જેવી નાગરિક સુવિધાઓ પણ વિકસાવવામાં આવશે. આ સમગ્ર આયોજન જામનગર મહાનગરપાલિકાના કમિશનર દીપેશ કેડિયા, ડેપ્યુટી કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા, આસિસ્ટન્ટ કમિશનર ભાવેશ જાની, પ્રોજેક્ટ એન્ડ પ્લાનિંગ વિભાગના રાજીવ જાની અને તેમની ટીમ દ્વારા ઝડપથી આગળ ધપાવવામાં આવી રહ્યું છે.

આ એલિવેટેડ ફ્લાયઓવર શહેરના મહત્વના ટ્રાફિક જંક્શનોને જોડે છે. તેની નીચેના વિસ્તારને રમતગમત, મનોરંજન અને ખાણીપીણી સહિતની પ્રવૃત્તિઓથી ધમધમતો બનાવીને મહાનગરપાલિકા ટ્રાફિક ઉકેલની સાથે સાથે જામનગરવાસીઓને એક નવું અને સુવિધાજનક નજરાણું ભેટ આપવા જઈ રહી છે.


# બરડા અભ્યારણ્યમાંથી સિંહણ ૯૦ કિમી દૂર જામનગર પહોંચી ગઈ: વનવિભાગને લોકેશન મળ્યું પણ પગલાંના નિશાન ન મળ્યું, ગામલોકોને સાવચેત રહેવા અપીલ

**સમય સંદેશ: ભાણવડ**

જામનગર તાલુકાના હડમતીયા ગામની સીમમાં ગઈકાલે સવારે સાડા સાત વાગ્યાના સુમારે કામ પર જઈ રહેલા લોકોએ એક સિંહણને રસ્તો ક્રોસ કરતી જોઈ હતી, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો છે. ભયભીત થયેલા એક યુવકે સિંહણનો વીડિયો મોબાઈલમાં કેદ કરી લીધો હતો, જે સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. ગ્રામજનોએ તાત્કાલિક સરપંચ દિવ્યેશ સભાયાને જાણ કરી હતી, જેમણે વન વિભાગને સતર્ક કર્યા હતા. અંદાજે ૫ વર્ષની ઉંમર ધરાવતી આ સિંહણ જૂનાગઢ અથવા પોરબંદરના બરડા ડુંગર વિસ્તારમાંથી આશરે ૯૦થી ૧૦૦ કિલોમીટરનું અંતર કાપીને અહીં પહોંચી હોવાની શક્યતા દર્શાવવામાં આવી રહી છે.

ઘટનાની માહિતી મળતાં જ વન વિભાગની ટીમ હડમતીયા ગામે પહોંચી હતી અને પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. ફોરેસ્ટર વિપુલકુમાર પી. બોપાલિયાએ જણાવ્યું હતું કે વાયરલ વીડિયોમાં દેખાતું લોકેશન જામનગરના આ જ વિસ્તારનું છે અને તેમાં દેખાતું પ્રાણી સિંહણ જ હોવાની પુષ્ટિ થઈ છે. જોકે, સ્થળ તપાસ દરમિયાન સિંહણના પંજા કે પગલાંના કોઈ નિશાન (ફૂટમાર્ક) મળી આવ્યા નથી, છતાં સુરક્ષાના

અનુ પાના નં.૨ પર





# જામનગર જિલ્લા પોલીસ તંત્રમાં મોટો ફેરબદલ: વહીવટી સરળતા માટે ૧૦ બિનહથિયારી પોલીસ ઈન્સ્પેક્ટરોની જાહેર હિતમાં બદલી

## પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની દ્વારા હુકમ જારી; સીટી-બી, સિક્કા, સાયબર ક્રાઈમ, ધ્રોલ અને જોડીયા સહિતના પોલીસ મથકોના પીઆઈ બદલાયા

**સમય સંદેશ: જામનગર**

જામનગર જિલ્લા પોલીસ તંત્રમાં વહીવટી સરળતા અને સુચારુ કામગીરી માટે ગઈકાલે તારીખ ૧૫ ઓગસ્ટના રોજ એક મહત્વપૂર્ણ આંતરિક બદલીનો ઘાણવો ઉતારવામાં આવ્યો હતો. જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની દ્વારા જાહેર હિતમાં એક કચેરી હુકમ જારી કરીને જિલ્લાના ૧૦ જેટલા બિનહથિયારી પોલીસ ઈન્સ્પેક્ટરો (બી.હ.પો.ઈન્સ.) ની તાત્કાલિક અસરથી આંતરિક ફેરબદલ કરવામાં આવી છે.

આ બદલીના વિગતવાર આદેશ મુજબ, સીટી-બી પોલીસ સ્ટેશનના પીઆઈ એન.એમ. ગઢવીને સિક્કા પો.સ્ટે. ખાતે મુકાયા છે. તેમની જગ્યાએ લીવ રિઝર્વમાં રહેલા પીઆઈ એન.બી. ચૌહાણને સીટી-બી પો.સ્ટે.નો ચાર્જ સોંપવામાં આવ્યો છે. જ્યારે સિક્કાના પીઆઈ ડી.બી. પટેલને લીવ રિઝર્વમાં મુકાયા છે અને લીવ રિઝર્વમાંથી કે.એલ. ગળચરની એરપોર્ટ સિક્યોરિટીમાં બદલી કરવામાં આવી છે. અન્ય બદલીઓમાં ધ્રોલ પો.સ્ટે.ના પીઆઈ એચ.વી. રાઠોડને સીટી-સી પો.સ્ટે. ખાતે, સીટી-સીના પીઆઈ એન.બી. ડાભીને સાયબર ક્રાઈમ પો.સ્ટે.

અનુ પાના નં.૨ પર




સરકારમાન્ય આરએનઆઈ ધરાવતું પ્રિન્ટિંગ પ્રેસ

તિર્થ પ્રિન્ટિંગ પ્રેસ

દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક ન્યૂઝ પેપરના
સ્વચ્છ અને સમયસર પ્રિન્ટિંગ માટે મળો..

સંપર્ક: રાજુભાઈ ભાવસાર
88668 68600

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com